# મોર્નિંગ મંત્રા

(૪)

માણસને માણસ સાથે ફાવતું નથી અને માણસ વિના ગમતું પણ નથી. આપણે ખરેખર કેવા વિરોધાભાસમાંથી પસાર થતાં હોઈએ છીએ. ક્યારેક એમ થાય કે એકાંત જોઈએ, ક્યારેક એમ થાય કે લોકોનો સંગાથ જોઈએ.

એવા કેટલાય વિકેન્ડ હશે, કંઈકેટલીય રજાઓ હશે કે જ્યારે આપણને એ નક્કી કરવામાં અવઢવ થાય કે એકાંત માણવું કે લોકોને મળવું?




આપણી આસપાસ બે પ્રકારના લોકો છે - એક, જેને માત્ર પોતાની જાત સાથે રહેવું ગમે. એ ભીડમાં અકળાઈ જાય. વ્યવહારિક પ્રસંગો, સામાજિક મેળાવડો, ગેટ્ટુગેધર્સ આવું બધું બહુ એકાંતપ્રિય લોકોને ગમે નહીં. ક્યારેક બધાને હળવુંમળવું ગમે પણ તે અંગે તેઓ સ્વાભાવિક ઉમળકો ના દર્શાવે. તેઓ પોતાની જાત સાથે કંફર્ટેબલ હોય.

બીજા પ્રકારના લોકો એવા હોય છે જેમને હંમેશાં ભીડમાં રહેવું ગમે. સોશ્યલાઈઝેશન ના કરે તો તેઓ અકળાઈ જાય. એકલતા એમને અકળાવે. એમને મેડિટેશન કરવાનું કહો કે, ''સાહેબ, તમારે ખાલી એક કલાક માટે મેડિટેટ કરવાનું છે.'' તો ફ્રસ્ટ્રેટ થઈ જાય. પોતાની જાત સાથે એમને સંવાદ કરવો રૂચે નહીં. એમને સમૂહમાં સલામતીનો અનુભવ થાય. ''કોઈ છે! મારી સાથે કોઈ છે.' એવો સધિયારો, એવી ધરપત એમનું મન વાંછે.

કોઈ માણસ સાવ નિર્જન જગ્યાએ ફસાઈ જાય, જ્યાં આસપાસ કોઈ છે જ નહીં. માત્ર એકાંત છે, અંધકાર છે તો એને ડર લાગે જ, કારણ કે એકલા પડી જવું એ બહુ મોટો ડર છે. એમાં આઈડેન્ટિટી ગુમાવી બેસવાનો ડર છે. તમારું સેલ્ફ આઈડેન્ટિફિકેશન જતું રહે. આ સેલ્ફ આઈડેન્ટિફિકેશનના ચક્કરમાં ને ચક્કરમાં જ તો સોશ્યલ મીડિયા બહુ ફલ્યુંફાલ્યું છે. આપણને બધાને સાબિત કરવું છે કે, ''હું છું! હું આ દુનિયામાં હાજર છું! હું કંઈક છું !''

સૌ વર્ચ્યુઅલ અને રિયલ વર્લ્ડમાં પોતપોતાના અસ્તિત્વની લડાઈ લડે છે. ''હું કંઈક બોલી શકું છું, હું કંઈક કરી શકું છું. આ મારું એક્ઝિસ્ટન્સ છે. આ મારું એક્સપ્રેશન છે.' દરેક વ્યક્તિ કંઈક ને કંઈક સાબિત કરવા મથે છે. ઘણાં પોતાનો રિયલ પોટેન્શિયલ એક્સ્પ્લોર કરવા માટે સતત એક્સપ્રેસ કરે છે. ઘણાં માત્ર મોજ ખાતર એક્સપ્રેસ કરે છે અને ઘણા એવા પણ છે જેઓ એક્ચ્યુઅલી પોતાના ડરથી, પોતાના અંધકારથી દૂર ભાગવાનો ટ્રાય કરે છે. ઘણાં પોતાની જાતથી દૂર ભાગવા માટે પોતાના કામને વાહન બનાવે છે. ઘણાં લોકો ટાઈમ કેલિંગ માટે સતત ફેસબુક કે વોટ્સએપ પર મગ્ન રહે છે. તેઓ સમય જતાં સ્વતંત્ર વિચારશક્તિને ગુમાવી બેસે છે.

''એકાંતપ્રિય' અને 'સતત એક્શન-એક્સપ્રેશન-પ્રિય' સિવાયના મધ્યમમાર્ગી લોકો પણ છે, જે પ્રેક્ટિકલ બનીને પોતાનું બૅલેન્સ જાળવી લે છે. તદુપરાંત, આપણી દુનિયામાં એવાં લોકો પણ છે જે આ બધાંથી પર છે. જેમને દુનિયાની તમા નથી, જેમને પરવા નથી સમાજના નિયમોની. જે એકાંતની ઝંખનાથી ઉપરવટ જઈને એકાંતમાં જ રહે છે. એ કદી પ્રવચનો આપવા પાછા ફરતા નથી. તેઓ કદી પોતાનો શિષ્ય-સમુદાય-કલ્ટ ઊભો કરવાનો મોહ ધરાવતાં નથી. સાધુત્વનો પ્રચાર પણ એમની અભિપ્સા નથી. તેઓ કશું જ સાબિત કરવા માંગતા નથી. તેમણે પોતાના પડછાયાનો સંપૂર્ણ સ્વીકાર કરેલો છે. તેઓ પોતાના અંધકારથી પણ મુક્ત છે.

●●●

**એક બહુ જ ફેમસ સાઇકિયાટ્રિસ્ટ ડોક્ટર કાર્લ જંગે કહેલું, ''નોઇંગ યોર ઓન ડાર્કનેસ ઇસ ધ બેસ્ટ વે ઑફ ડિલિંગ વિથ ડાર્કનેસ ઑફ અધર પીપલ.' તમારા પોતાના અંધકારને ઓળખવો એ બીજાના અંધકાર સાથે લડવાનો સારામાં સારો રસ્તો છે.**

સાભાર : આર જે ધ્વનિત

# નવી દુનિયાના નવા નેતા સામે અવનવા પડકારો

**તંત્રીસ્થાનેથી...**

આખરે અમેરિકાને એના આગામી ચાર વર્ષ માટેના નવા સૂત્રધાર મળી ગયા છે. કમનસીબી એ રહી કે વિક્રમજનક મતો મેળવ્યા પછી પણ પ્રતિસ્પર્ધી પરાજિત ઉમેદવાર હજી પોતાની હાર સ્વીકારવા તૈયાર નથી. એક સાચો લોકતાંત્રિક નેતા કોને કહેવાય એનું સુંદર દૃષ્ટાંત ઓબામા સામે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી હારી ગયેલ તત્કાલીન રિપબ્લિકન ઉમેદવાર મેકકેઈને આપેલા રાષ્ટ્રજોગા નિવેદનમાં - ભાષણમાં મળે છે. એ ગોરા ઉમેદવાર હતા. સામે આફ્રિકન-અમેરિકન કુળના કાળા ઉમેદવાર બરાક ઓબામા વિજેતા બન્યા હતા. પરંતુ એનો લેશ માત્ર ડંખ રાખ્યા વિના મેકકેઈને પ્રજામતના નિર્ણયને વધાવી લીધો હતો અને ઓબામાના નેતૃત્વ હેઠળ અમેરિકા પ્રગતિનાં નવાં સોપાન સર કરે એવી શુભેચ્છા જ નહીં, હૃદયપૂર્વકનું સમર્થન પણ આપવાનું વચન આપ્યું હતું. ચૂંટણી ચૂંટણીના ઠેકાણે હતી : મૂળભૂત રીતે આપણે વિશ્વની સૌથી મહાન અને જૂની લોકશાહીના નાગરિકો છીએ. આ જ અમેરિકાએ રંગભેદની નીતિ સામે લાંબી લડત આપી છે અને આજે પહેલી જ વાર આફ્રિકન - અમેરિકન પ્રજાનું વ્યાપક સમર્થન મળ્યું છે, તે અમેરિકન પ્રજાનો વિજય છે, પરંતુ અમેરિકન નાગરિકો તરીકે આપણે બધા એક છીએ એવા સંકલ્પ સાથે આવનારી પેઢીઓ માટે ઉદાહરણ રૂપ બની રહીએ એવી વાત કરનાર પરાજિત ઉમેદવારને જરૂર સલામ કરવાનું મન થાય. એથી તદ્દન ઊલટું રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવાયિતાં મારી રહ્યાં છે; કાયદેસરના મતો જ ગણાય તો હું જીતેલો છું - એવો દાવો કરી રહ્યા છે. અદાલતોને અને મીડિયાને એમના દાવામાં કશું વજૂદ વરતાયું નથી પરંતુ ટ્રમ્પ અને એમના સમર્થકો પોતાનો કક્કો જ ખરો કરાવવા શેરીઓમાં ઊતર્યા છે. લોકશાહીનાં મૂળ અમેરિકામાં એટલા ઊંડા છે કે જેવા બાઈડન વિજયની નજીક સરકતા લાગ્યા કે તાબડતોબ એમને રાષ્ટ્રપતિને અપાતી સુરક્ષા તથા એ પ્રકારનો વ્યવહાર અમલી બનાવી દેવાયો. જાસૂસી સંસ્થાઓ, મિલિટરી અને વહીવટીતંત્ર નવા રાષ્ટ્રપ્રમુખની તહેનાતમાં સક્રિય બની ગયાં છે. જાન્યુઆરીના મધ્યમાં તેઓ વ્હાઈટ હાઉસમાં પ્રવેશ કરશે તે પહેલાં જ એમના કેટલાક કાર્યક્રમોનું પણ અમલીકરણ શરૂ થઈ જશે. ટ્રમ્પને કરારી હાર અપાવનાર કોરોનાનીતિ કે કેટલીક વિદેશનીતિમાં ધરમૂળના ફેરફારો શરૂ થઈ જશે. બાઈડન સૌમ્ય અને અનુભવી નેતા છે. પચાસ વરસના સુદીર્ઘ રાજકીય અનુભવો પછી અને બે-બે વખથ રાષ્ટ્રપતિ પદની ચૂંટણી હારી ચૂક્યા પછી બાઈડન ૭૮ વર્ષની પાકટ વયે વ્હાઈટ હાઉસના નવા નિવાસી બનશે. ટ્રમ્પની જેમ એ નસીબના જોરે કે ગોરા-કાળાના ભેદભાવ જેવા મુદ્દે ટપકી પડેલા નેતા નથી. એમનો એક એક શબ્દ પરિપક્વ પ્રજ્ઞાની પ્રતીતિ કરાવનારો છે. એમણે વિચારધારાની રૂએ બે જૂથોમાં વહેંચાઈ ગયેલી અમેરિકન પ્રજાને રાષ્ટ્રના નામે એક થવા અને ઉઝરડા રૂઝવવાની દર્દભરી અપીલ કરી છે. અમેરિકાને એક વરિષ્ઠ નેતા સાંપડ્યા છે જે અત્યાર સુધીના તમામ રાષ્ટ્રપ્રમુખોની સરખામણીમાં સૌથી વધારે વોટ મેળવીને જીત્યા છે. વળી અત્યાર સુધીના તમામ રાષ્ટ્રપ્રમુખોમાં સૌથી મોટી ઉંમરના રાષ્ટ્રપ્રમુખ પણ જોસેફ બાઈડન જ છે. અંગત જીવનની અનેક કરુણાંતિકાઓ વેઠી ચૂકેલા બાઈડનની સામે સૌથી મોટો પડકાર ચાઈનીઝ કોરોના છે - જેને ટ્રમ્પે હળવાશતી લીધેલ હોઈ વિશ્વમાં સૌથી વધુ કેસ અને મોત અમેરિકામાં નોંધાયા છે. બાઈટન સામે ચીનનો પડકાર પણ છે તો વળી ઈરાન જેવા દેશને ટ્રમ્પે છાણે વીંછી ચડાવી દુશ્મન બનાવ્યો છે એના ઘા રૂઝવવાની જવાબદારી પણ છે. બની શકે કે પાકિસ્તાનની બેહાલીમાં પણ બાઈડન એના નવા તારણહાર બની રહે, અલબત્ત ભારતની શુભેચ્છા ગુમાવ્યા વિના.

# લ્યો કરો વાત....




એક જ છાપામાં ઘણીવાર ગમ્મત થાય એવા સમાચાર જોવા મળે છે જેમ કે,

● પહેલા પાને હેડલાઈન હોય કે 'ગુજરાત અત્યાર સુધી કોરોના મુક્ત' તો વળી એ જ છાપામાં અંદર ક્યાંક એવા ય સમાચાર જોવા મળે કે 'રાજ્યના એક તાલુકામાંથી મળેલ કોરોના વાયરસનો શંકાસ્પદ કેસ...'

● 'પત્નીએ પ્રેમી સાથે મળીને પતિનો કાંટો કાઢી નાખ્યો' એવા સમાચારની આજુબાજુમાં કોઈ વાર પતિએ પત્નીને પ્રેમી સાથે પરણી જવા રાજી ખુશીથી છૂટા છેડા આપ્યા એવા ય સમાચાર જોવા મળી શકે છે...

● ફોન ઉપર મિત્રોને કે ઘરમાં પત્નીને 'ટાઈમ જ નથી મળતો' એવું સતત બોલ્યા કરતા મહાનુંભાવો તેમના વકતવ્યમાં લોકોએ બીજા માટે ટાઈમ કેવી રીતે કાઢવો તેનો બોધ સતત આપતા જ રહે છે અને લોકો પણ તેમનાં અગત્યનાં કામ પડતાં મૂકીને આવું સાંભળવા ટાઈમ કાઢીને દોડતા આવી જતા હોય છે...

● 'ડાહી પરણે નહિ ને ગાંડીને સાસરે જવાની સલાહ આપે' એ કહેવત કંઈ એમને એમ નથી પડી... આજની દરેક સાસુ-વહુને અર્પણ..

● આજથી ત્રીસ ચાળીસ વર્ષ પહેલાં બોર્ડની પરીક્ષા માત્ર વિધાર્થીઓ જ આપતા હતા ને આજે પરીક્ષા કેન્દ્રો પરનો માહોલ એવો જોવા મળે છે કે બોર્ડની પરીક્ષા વિધાર્થીઓ નહિ પણ એમના વાલીઓ ન આપતા હોય....

● એક બહેનને એવી ટેવ કે એ ધોધમાર વરસાદ પડ્યાની વાત લાવે ત્યાં હકીકતમાં પાનીનો છાંટો ય ના પડ્યો હોય....

● ગમે તે કારણ હોય પણ લોકોને કોઈના વિશે સાંભળેલી વાતને મસાલો ભભરાવીને જ આગળ મોકલવાની જ ટેવ હોય છે..

● 'પાછા તમે કહેશો કે હું વધારે બોલી ગઈ છું' એમ કહેનાર બોલવામાં ક્યારે ય પાછા પડતા જ નથી.. (શોલે ફિલ્મની બસંતીને ય પાછળ રાખી દે એવા...)

મો- ૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

# ધીરજ અનેક સદ્ગુણોની જનેતા છે




**થયો અજવાસ ઝાંખો સ્હેજ ! ધીરજ સાચવી રાખો !**
**હવે ઝળહળ થશે સાચ્ચે જ ! ધીરજ સાચવી રાખો.**
**તમારી ભીતરે છે તેજ,ધીરજ સાચવી રાખો;**
**કદી એ બ્હાર પણ મળશે જ ! ધીરજ સાચવી રાખો.**
**- ડો.મનોજ જોશી 'મન' (જામનગર)**

સાગરકાંઠે એક માણસ બેઠો હતો. એના હાથમાં દર્ભની એક સળી હતી. દર્ભની એ સળી પાણીમાં બોળીને બહાર રેતી પર તે પાણી છંટકારતો હતો. ત્યાં બીજો એક માણસ આવી ચડ્યો. પેલાની આ વિચિત્ર ક્રિયા જોઈ આગંતુકે પૂછ્યું. ''આ શું કરો છો ?''



દરિયો ખાલી કરું છું.'' પેલા માણસે શાંતિથી જવાબ આપ્યો.

'હેં આગંતુકે આશ્ચર્યથી કહ્યું : ''તમે આ રીતે તો દરિયો કેવી રીતે ખાલી કરી શકશો ?''

''કેમ કેવી રીતે ?'' પેલાએ જવાબ આપ્યો; ''સળીથી જેટલું પાણી બહાર છંટકારાય છે, એટલું દરિયામાંથી ઓછું તો થશે ને ? એટલું ઓછું થાય છે તો ધીમે ધીમે બધું જ ખલાસ થઈ જશે.''

ધીરજ અને આત્મશ્રદ્ધાનું આ કેવું આદર્શ ઉદાહરણ છે ! તમે હાથમાં લીધેલું. કામ ગમે તેટલું મોટું હોય અને તમારી પાસેનું સાધન ગમે તેટલું નાચીઝ હોય, તોપણ તમારી પાસે ધીરજ અને આત્મશ્રદ્ધા હશે તો એ કામ અવશ્ય પાર પડશે.

જેના સામ્રાજ્યનો સૂર્ય કદી આથમતો નહોતો એવી બ્રિટિશ સલ્તનતમાં કેટલી મોટી તાકાત હતી ? એની સામે માથું ઊંચકવા માટે ગાંધીજી પાસે કયું મોટું સાધન હતું ? એમની પાસે માત્ર અહિંસાનું એક હથિયાર હતું. છતાં એ નાનકડા માનવીએ ધીરજ અને આત્મશ્રદ્ધાથી એટલી મોટી સલ્તનતને હરાવી અને ભારતને સ્વરાજ્ય અપાવ્યું. ગાંધીજી કોઈ દૈવી પુરુષ નહોતા; આપણા જેવા જ હાડચામના બનેલા માનવી હતા. એમનાથી જે થઈ શક્યું, એ આપણાથી પણ કેમ ના થઈ શકે ?

ધીરજનાં ફળ મીઠાં'' અને ''ઉતાવળે આંબા ન પાકે'' એ કહેવતો આખી પ્રજાના અનુભવનો નિચોડ છે. આંબાની કેરી જેવું સ્વાદિષ્ટ ફળ પ્રાપ્ત કરવું હોય તો ગોટલો વાવ્યા પછી કેટલાં વર્ષો સુધી ધીરજ રાખવી પડે છે ? એમ સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો ''રોમ એક દિવસમાં બંધાયું નહોતું'' એ ધ્યાનમાં રાખી સતત મથ્યા કરવું જોઈએ.

ધીરજ સાથે પુરુષાર્થ અને આત્મશ્રદ્ધા સંકળાયેલાં છે. એકલી ધીરજ તો કે, ફળ આપી શકે નહિ. આરંભમાં આપેલા દૃષ્ટાંતનો નાયક દર્ભની સળીથી સતત પાણી બહાર કાઢી રહ્યો છે, અદબપલાંઠી વાળીને બેસી રહ્યો નથી.

તમે કરવા ધારેલું કામ ઘણું મોટું છે, એ જોઈને જ તમે હારી જાઓ તો તો કદી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ. કામ મોટું છે, તો તમારી આત્મશ્રદ્ધા પર નાની છે ? તમારી ધીરજ રાખવાની શક્તિને પણ ક્યાં મર્યાદા છે ?

નેપોલિયન બોનાપાર્ટ સામે આખું યુરોપ ખડું થઈ ગયું હતું. પણ આત્મશ્રદ્ધા હિમાલય જેટલી અડગ હતી. ''મારા શબ્દકોશમાં અશક્ય છે - શબ્દ નથી !'' એમ કહી. પોતાની સામેના પડકારને ઝીલી લીધો એનો ઈતિહાસમાં કોઈ જોટો નથી. હિમાલયની ટોચ પર પહોંચવું તે કેટલું કપરું કામ છે? હિલેરી અને તેનસિંગે એ કામ સદેહે પૂરું પાડ્યું. એક એક ડગલું ભરીને એવરેસ્ટ પર પહોંચવાનું હતું. થીઓનો તો પાર નહોતો. પણ આ બન્ને સાહસવીરો પાસે ધીરજની ઢાલ અને ગાત્મશ્રદ્ધાની તલવાર હતા. આથી એમણે મુસીબતોને મારી હઠાવી.

આ ધીરજ અને આત્મશ્રદ્ધાનો કોઈ ગાંધી, નેપોલિયન કે તેનસિંગે ઈજારો છો નથી. એ બન્ને તમારી પાસે છે, મારી પાસે છે અને આપણી સૌની પાસે છે. પણ આપણે એને પારખીને વાપરતા નથી, એનો ઉપયોગ કરતા નથી. - ગોવર્ધનરામ ત્રિપાઠીની સુપ્રસિદ્ધ નવલકથા ''સરસ્વતીચંદ્ર પૂરી થતાં વીસ વર્ષ લાગ્યાં હતાં. એમણે કેટલી ધીરજથી કામ કર્યું હશે ! જગતની સાત અજાયબીઓમાં સ્થાન પામેલો તાજમહાલ તૈયાર થતાં પણ વીસ વર્ષ લાગ્યાં હતાં. ચીનની દીવાલ શું રાતોરાત તૈયાર થઈ ગઈ હશે ? દરેક મહાન કાર્ય માણસની ધીરજની કસોટી કરનારું જ હોય છે. કોઈ પણ મહાન કાર્ય ચમત્કારથી થતું નથી. હા, ચાઈમ વાઈઝમેન કહે છે એમ, ''ચમત્કારો પણ ક્યારેક થાય છે ખરા – પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે.''

ધીરજ માણસની માનસિક સ્વસ્થતાની સંજ્ઞા છે, એની પરિપક્વતાની નિશાની છે. ધીરજમાં સહિષ્ણુતા, સ્વસ્થતા અને માનસિક સ્થિરતા છે. એ ઉપરાંત અપૂર્વ આત્મશ્રદ્ધા પણ છે. આમ ધીરજ અનેક સદ્ગુણોની જનેતા છે.

કોલોરાડો પ્રદેશમાં જયારે સૌથી પહેલી વખત સોનાની ખાણો નીકળી, ત્યારે આખું અમેરિકા ગાંડું થઈ ત્યાંની જમીન ખરીદવા લાગ્યું. એક કરોડપતિએ પોતાની બધી મૂડી રોકીને એક આખો પહાડ ખરીદી ખોદકામ શરૂ કર્યું. ખૂબ ખોદકામ થયું, પણ સોનું ના મળ્યું. નિરાશ થયેલા શ્રીમંતે આખો પહાડ સાધનો સાથે વેચવા કઢ્યો. ઘરનાં માણસો કહે, તમારા જેવો ગાંડો કોણ હશે તે ખરીદવા આવશે ? પણ ખરેખર એક ખરીદનારો આવ્યો. વેચાણ થઈ ગયા પછી આ શ્રીમંતે કહ્યું :

તમે ખરા માણસ છો ! હું બરબાદ થઈને વેચવા નીકળ્યો છું, એ જાણ્યા છતાં તમે ખરીદવા નીકળ્યા છો ?'' !

શી ખાતરી કે તમે ખોડ્યું છે એનાથી થોડું ઊંડું ખોદતાં સોનું નહિ નીકળે ?'' એ શ્રદ્ધાથી કહ્યું. અને ખરેખર, એક ફૂટ ઊંડું ખોદતાં જ સોનું મળ્યું. આ નસીબ હતું ? ના, ધીરજ અને આત્મશ્રદ્ધા ! આ રામ ની ન આત્મશ્રદ્ધા !

- બહાદરશાહ પંડિત

Last Seen :

**સુરજ સુખનો ઉગે છે બસ! જરા તકદીર તપવા દો !**
**કહે છે આંખમાંનો ભેજ, ધીરજ સાચવી રાખો !**
**તમે પીધાં જ છે ને ઝાંઝવા પણ ખુબ જલસાથી !**
**હવે તો છો નદી કાંઠે જ ! ધીરજ સાચવી રાખો.**
**- ડો.મનોજ જોશી 'મન'(જામનગર)**

- nehalgadhavi101@gmail.com

# ન્યાયાલયમાં લેવાતા શપથના નિયમો 'ઓથ એક્ટ ૧૯૬૯'




ન્યાયાલયમાં લેવાતા શપથના નિયમો 'ઓથ એક્ટ ૧૯૬૯'

ભારતની સંસ્કૃતિ અને પરંપરા મુજબ જુઠુ બોલવું એ પાપ માનવામાં આવે છે અને ધાર્મિક પુસ્તકો કે ધર્મના સોગંદ ખાઈને જુઠુ બોલનારને કુદરત માફ કરતી નથી તેવા અભિગભને સર્વમાન્ય ગણવામાં આવ્યો છે. પછી તે કોઈ પણ ધર્મ કે જ્ઞાતિ, જાતિના લોકો કેમ ના હોય, ભગવાન રામ ક્યારેય જુઠુ નહોતા બોલ્યા, પરંતુ શ્રી કૃષ્ણએ યુધ્ધ જીતવા પૂર્વ સ્થાપિત આદર્શ નો વારંવાર યુધ્ધ દરમ્યાન ભંગ કરેલો. તેમ છતા રામાયણની જગ્યાએ ગીતા ઉપર હાથ મુકીને કોર્ટમાં શપથ લેવડાવવામાં આવે છે.

મોગલ શાસકોએ ધાર્મિક પુસ્તકો ઉપર હાથ મુકીને શપથ લેવાની પ્રથા શરૂ કરી હતી. મોગલ શાસકો પોતાના ફાયદા માટે કપટ કરી વારંવાર ખોટું બોલતા તેથી તેમના ઉપર ભરોસો રાખવા આ પ્રથા અપનાવાઈ હતી. મોગલો ભારતીયોની વાત માનતા ન હતા, પરંતુ તેઓ ચુસ્ત રીતે માનતા કે ભારતીયો તેમના ધાર્મિક ગ્રંથો ઉપર હાથ મૂકી ક્યારેય ખોટું નહી બોલી શકે. મોગલોને ભારતીય પરંપરા અને ગંગાજળ નું મહત્વ તથા પરંપરાનું જ્ઞાન હતું. જેનો તેઓ ભરપુર માત્રામાં પોતાના ફાયદા માટે ઉપયોગ કરતા.

ત્યારબાદ મોગલોના સમકક્ષ શાસનકાળમાં ગીતા ઉપર હાથ મૂકી શપથ લેવાની પ્રક્રિયાને અનુસારવામાં આવતી હતી, પરંતુ તે માટે કોઈ કાયદો હતો નહી, પરંતુ બ્રિટિશરોએ ૧૮૭૩માં કાયદો પસાર કરી અદાલતોમાં ધાર્મિક પુસ્તકો ઉપર હાથ મુકી ધર્મ પ્રમાણે ગીતા, કુરાન તથા બાઈબલના શપથ લેવડાવવાનો કાયદો બનાવ્યો. આ પરંપરા તથા કાયદા મુજબ હિન્દુઓ ગીતાને મહત્વ આપતા હોય ગીતા ઉપર હાથ મુકતા તથા મુસ્લીમોનો પવિત્ર ગ્રંથ એકમાત્ર કુરાન હોય તેના ઉપર હાથ મૂકી અદાલતમાં જુબાની આપતા, ત્યારબાદ ખ્રિસ્તીઓએ પણ આ પરંપરા મુજબ બાઈબલને પોતાના પવિત્ર ગ્રંથ માનતા હોય બાઈબલને સુનિશ્ચિત કરાવ્યું અને તેના શપથ લઈ જુબાની આપતા. જે આઝાદી બાદ ૧૯૫૭માં પણ અમલમાં રહી અને આજદીન સુધી આ પ્રથાનો કાયદાનો કોર્ટ કચેરીમાં શપથ લેવાની પ્રથા ચાલતી રહી.

પરંતુ ત્યારબાદ ભારતમાં આ પ્રથા ૧૯૬૯માં સમાપ્ત કરવામાં આવી, જ્યારે કાયદાપંચે ૨૮મો અહેવાલ રજુ કર્યો ત્યારે ભારતીય ઓથ અધિનિયમ ૧૮૭૩માં દેશમાં સુધારણા કરવાના સૂચનો આપવામાં આવ્યા, ત્યારબાદ તેની જગ્યાએ '' ઓથ એક્ટ ૧૯૬૯ '' લાગૂ પાડવામાં આવ્યો.આ સમગ્ર ભારતમાં એકસરખી શપથ વિધિનો કાયદો ૧૯૬૯માં અમલમાં આવ્યો, પરંતુ હાલમાં પણ અદાલતોમાં ભગવાન કે ધર્મના નામે શપથ લેવાની પ્રથા ચાલુ જ છે. ભારતએ ધર્મ નિરપેક્ષ દેશ છે. તેથી હિન્દુ, મુસ્લીમ, શીખ, પારસીઓ અને ખ્રિસ્તીઓ માટે અલગ પુસ્તકો અને શપથ પ્રથા હવે બંધ કરાયા છે. તમામ લોકો પોતાના ધર્મના નામે શપથ લે છે તથા હું ભગવાનના નામે સોગંદ લઉ છું./ નિષ્ઠાપૂર્વક ખાત્રી આપું છું કે જે કહીશ તે સત્ય અને સંપૂર્ણ સત્ય સિવાય બીજું કશું જ કહિશ નહી. આ રીતે દરેક અદાલતોમાં કોર્ટ કચેરીમાં સોગંદ લેવડાવવામાં આવે છે.

નવા ઓથ એકટ ૧૯૬૯માં સગીરો માટે શપથ લેવાની જોગવાઈ રાખવામાં આવેલ છે. વ્યક્તિ ૧૨ વર્ષથી ઓછી ઉંમરની હોય તો તેણે કોઈ જ શપથ લેવાના રહેતા નથી, કારણ કે આપણી પરંપરા છે કે બાળક ઈશ્વરનું સ્વરૂપ છે તે કદી જુઠું બોલી શકે જ નહી.

તેમ છતાં ભગવાનના નામે લોકો જુઠું બોલી જુબાની આપતા જ હોય છે, પરંતુ જો ભગવાનના નામે શપથ લઈ જુઠું બોલતા કે લખાણ કરેલ હોય અને પકડાય તો ભારતીય દંડ સહીતાની કલમ : ૧૯૩ મુજબ ન્યાયીક કાર્યવાહીમાં કેસમાં ખોટા પુરાવા, સોગંદનામાં, રજુ કરવા બદલ ૭ વર્ષની સજાની જોગવાઈ મુકરર કરવામાં આવેલ છે. સાથેસાથે દંડની પણ જોગવાઈ કાયદામાં રાખવામાં આવેલ છે. જે મુજબ જો સાક્ષી સોગંદ ઉપર ખોટું કર્યુ હશે તો શપથના ભંગ બદલ ગુનેગાર ગણી કાર્યવાહી કરવામાં આવશે.

ગીતાના જ કેમ સોગંદ લેવામાં આવે છે? તે પાછળનું અનુમાન એ છે કે, ગીતાને આદર્શ જીવનનું માર્ગદર્શક ગણવામાં આવેલ છે. જ્યારે રામાયણમાં રામના પાત્રને આદર્શ માનવામાં આવ્યા છે. ગીતા હિન્દુઓનું ધાર્મિક પુસ્તક છે. જેમાં મહાભારતના યુધ્ધનું વર્ણન નથી, પરંતુ જીવનના કર્મનો સાર છે. સત્યને સ્થાપિત કરવા માટે માણસે કેવી રીતે વર્તવું પડે, જીવવું પડે તેનું વર્ણન છે. તે જ રીતે ઈસ્લામમાં કુરાન, ખ્રિસ્તીમાં બાઈબલને પણ ગીતા સમાન જ ગણવામાં આવ્યા છે. ત્રણેય પુસ્તકોનાં સાર એક જ છે. ત્રણેય પુસ્તકો જીવનને માર્ગદર્શન આપતા શાસ્ત્ર છે. જે સર્વસ્વીકૃત, સર્વ માન્ય છે. તેથી આ ત્રણ ધાર્મિક પુસ્તકોનો સમાવેશ આોથ એકટમાં કરવામાં આવ્યો છે.

ખોટું બોલવું એ પાપ છે, પરંતુ ખોટું સોગંદ ઉપર બોલવું/લખવું એ ભારતીય દંડ સહિતાની કલમ : ૧૯૩ મુજબ અપરાધિક દંદ ગણવામાં આવ્યો છે. કાયદો કાયદાનું કામ કરે, પરંતુ કોઈપણ ધર્મ, જ્ઞાતિનું સમાજનો માણસ ખોટું બોલે તો સૌપ્રથમ તેનો આત્મા દુખે છે. તેમ છતાં શપથ લઈને વારંવાર ખોટું લોકો બોલતા જ હોય છે. જો સાચું બોલે, વર્તે તો પછી ન્યાયપાલિકાની જરૂર જ શું છે!

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in